# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય

## ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.

**અખબારી યાદી** **તા.૦૫-૧૨-૨૦૦૯**

- **ચિંતન શિબિરના નામે ચીપ પબ્લીસીટી કરવાના બદલે સરકાર ગુજરાતની જનતાની સમસ્યાની ચિંતા કરે.**
- **ઉત્સવો અને તાયફાઓ પાછળ પ્રજાના  નાણાંનો ભયંકર દુરપયોગ.**
- **કચ્છ જવા માટે  વૈભવી ચાર્ટડ પ્લેન મંત્રીશ્રીઓને મળે પરંતુ કર્મચારીઓને પૂરતો પગાર ન મળે.**
- **કાબરચિતરા કપડાં પહેરવાથી કચ્છનું કલ્યાણ નહીં થાય. કચ્છને તો નર્મદાનું પાણી, સરકારી મેડિકલ કોલેજ, અદાણીને આપી દિધેલ હોસ્પિટલ પરત.**
- **દિલ્હીથી દોલતાબાજની જેમ તરંગી રીતે અધિકારીઓને ગાંધીનગરથી બહાર દોડવતું સમગ્ર વહીવટી તંત્ર.**

ગુજરાત સરકાર ગુજરાતની જનતાની ચિંતા કરવાના બદલે ચિંતન શિબિર અને ઉત્સવોના નામે ચીપ પબ્લીસીટી કરી રહી છે. ગુજરાતની અનેક સમસ્યાઓ માટે સરકારે આગળ આવીને મદદ કરવી જોઇએ તેવી છે. પ્રજાના પ્રશ્નો તરફ ધ્યાન કેન્દ્રીત કરવાના બદલે માત્ર સસ્તી પ્રસિધ્ધિ માટે તથા પ્રજાની તિજોરીના નાણાંનો ભયંકર દુર્વ્યય થાય તે રીતે ગુજરાત સરકાર તાયફાઓ કરી રહી છે. પહેલાં ઉત્સવોના બહાને અને હવે ચિંતન શિબિરના નામે સમગ્ર વહીવટી તંત્રને ઠપ કરી દેવામાં આવ્યું છે. એક તરફ કર્મચારીઓને નિયમિત પગાર કે ધારાધોરણ મુજબના પગારપંચના લાભો આ સરકાર આપતી નથી અને બીજી તરફ ચાર્ટડ પ્લેન  (વૈભવી ખાસ વિમાન) મારફત મંત્રીઓ કચ્છની મહેર માણવા પહોંચી જાય તે પ્રજાના દ્રોહ સમાન છે.

આ વર્ષે સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને મોટા ભાગના વિસ્તારોમાં વરસાદ ઓછો પડયો છે અને પરિણામે પાણી તથા ઘાસચારાની સમસ્યા ઉભી થઇ છે. ખેડૂતોને પૂરતી વિજળી કે નર્મદાનુ પાણી પહોંચાડવાની સરકાર ચિંતા કરતી નથી. યુવાનોને રોજગારીની તકો માટે પ્રયત્નો થતા નથી. વાઇબ્રન્ટના નામે કરોડોના એમ.ઓ.યુ. માત્ર કાગળ પર જ રહયાં છે. વિધવા બહેનોના પેન્શનથી લઇને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સુધીની અનેક સમસ્યાઓ પ્રજાને પરેશાન કરી રહી છે. ત્યારે પ્રજાની સમસ્યાઓ ઉકેલવાના બદલે ગુજરાતની સરકાર ભૂતકાળમાં જેમ દિલ્હીથી દોલતાબાજ તરંગી નિર્ણય થયો હતો તેમ સમગ્ર સચિવાલયના તંત્રને રઝળાવી રહી છે.

કાબર-ચિતરા કપડા પહેરવાથી કચ્છનું કલ્યાણ નહિ થાય પરંતુ કચ્છના લોકો માટે વડાપ્રધાનશ્રીના ભંડોળમાંથી બનેલી હોસ્પિટલ કચ્છની જનતાને અદાણી પાસેથી પરત અપાવવી જોઇએ.કચ્છમાં પૈસા કમાવવા માટે મેડિકલ કોલેજ બની છે તેના બદલે સરકારી મેડિકલ કોલેજ બનાવી યુવાનોને સસ્તુ મેડિકલ એજયુકેશન મળે તેવી વ્યવસ્થા કરવી જોઇએ. નર્મદાના નીર ગુજરાતની જનતાના આંગણે અને ખેતરે પહોંચે તેની ચિંતા કરવી જોઇએ. એક તરફ સમગ્ર વહીવટી તંત્ર મુખ્યમંત્રીશ્રીના મનસ્વી અને તરંગી તાયફામાં રોકાયેલું રહે છે તથા સરકારી નાણાંનો વ્યય થાય છે. જયારે બીજી તરફ આમ ગુજરાતની પ્રજાના આંખમાં આવેલા આંસુ સરકારને દેખાતા નથી. ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રી

શક્તિસિંહ ગોહિલે સરકારને સંવેદનશીલ બનવા અને સસ્તી પ્રસિધ્ધી પાછળ પ્રજાના નાણાંનો દુર્વ્યય બંધ કરવા અનુરોધ કર્યો છે.

-----------------------------------------------------------------------------------------------

પ્રતિ,
તંત્રીશ્રી,
સદરહુ પ્રેસનોટ આપના અખબારમાં પ્રસિદ્ધ કરવા માન. વિરોધપક્ષના નેતાશ્રીએ વિનંતી કરેલ છે.

**(જે. જે. રસાણીઆ)**
અંગત મદદનીશ